# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 8-10-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

- હરિયાણામાં ભારતીય જનતા પાર્ટીની અને કાશ્મીરમાં જમ્મુ કાશ્મીર-નેશનલ કોન્ફરન્સની સંયુક્ત સરકાર રચાવાની શક્યતા
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં વર્ષ 2022ના 70માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરશે
- વર્તમાન વૈશ્વિક સંઘર્ષને ધ્યાનમાં રાખીને ત્રાસવાદ સામે લડવા વૈશ્વિક પગલાં લેવાની ભારતની હાકલ
- ક્રિકેટમાંથી રાજકારણી બનેલા મોહમ્મદ અઝહરુદ્દીન કથિત મની લોન્ડરિંગ કેસમાં ઇડી સમક્ષ હાજર રહ્યા
- ICC મહિલા T-20 ક્રિકેટ વર્લ્ડકપમાં આજે સાંજે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુકાબલો થશે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## KASHMIR AND HARYANA ELECTION

જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી ચાલી રહી છે. અત્યાર સુધીનાં વલણો પ્રમાણે જમ્મુ કાશ્મીરમાં જમ્મુ કાશ્મીર નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસની સંયુક્ત તથા હરિયાણામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર

બનવા જઈ રહી છે. જમ્મુ કાશ્મીરમાં ભૂતપુર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબદુલ્લા બડગામ અને ગાંદરબાલ એમ બંને બેઠકો પર આગળ છે.

કોંગ્રેસના પીરઝાદા મોહમ્મદ સઈદ અનંતનાગ બેઠક પર અને નેશનલ કોન્ફરન્સના અબ્દુલ મજીદ ભાટ અનંતનાગ પશ્ચિમ બેઠક પર આગળ છે. જમ્મુ કાશ્મીર પીપલ્સ કોન્ફરન્સના સજ્જાદ ગની લોન હાંડવારા, CPIMના મોહમ્મદ યુસુફ કુલગામ બેઠક પર સરસાઈ ધરાવે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ મોહમ્મદ મીર દોરુ બેઠક પર આગળ ચાલી રહ્યા છે.

કેન્દ્રશાસિત પ્રદેશની 90 બેઠકો પર વર્તમાન વલણ મુજબ જમ્મુ કાશ્મીર નેશનલ કોન્ફરન્સ 43 ભારતીય જનતા પાર્ટી 27 ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ 8 જમ્મુ કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી 2 બેઠકો પર આગળ છે. રાજ્યની 90 બેઠકો પર ત્રણ તબક્કામાં મતદાન થયું હતું. દરમિયાન, હરિયાણામાં ભારતીય જનતા પાર્ટી સતત ત્રીજી વાર સરકાર બનાવવા જઈ રહી છે.

છેલ્લાં અહેવાલ પ્રમાણે રાજ્યની 90 બેઠક માંથી ભાજપ 49 અને કોંગ્રેસ 34 બેઠકો પર સરસાઇ ધરાવે છે. મુખ્યમંત્રી નાયબસિંહ સૈની લાડવા બેઠક પર અને કોંગ્રેસ નેતા તથા ભૂતુપુર્વ મુખ્યમંત્રી ભુપિન્દરસિંહ હુડા ગઢી સાંપલા બેઠક પર આગળ છે.

ભાજપના મનોજ કુમાર પલવલની હાથિન બેઠક પર અને નિખિલ મદાન સોનિપત બેઠક પર આગળ છે. કોંગ્રેસ વતી ઉમેદવારી કરનાર કુશ્તીબાજ વિનેશ ફોગાટ ઝુલાણા બેઠક પ્રારંભમાં પાછળ રહ્યા બાદ હાલમાં સરસાઇ ધરાવે છે. રાજ્યની 90 બેઠક પર વર્તમાન વલણ પ્રમાણે ભારતીય જનતા પાર્ટી 49, કોંગ્રેસ 34, ઇન્ડિયન નેશનલ લોકદળ 1 તથા અન્ય પક્ષ 6 બેઠક પર સરસાઈ ધરાવે છે.

કેન્દ્રિય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે હરિયાણામાં ભાજપની સરસાઈ અંગે આ મુજબ પ્રતિક્રિયા આપી

(બાઇટ શિવરાજસિંહ ચૌહાણે)

કોંગ્રેસે હરિયાણામાં ચૂંટણીના પરિણામો ચૂંટણી પંચની વેબસાઇટ પર વિલંબથી અપડેટ કરવા બદલ ભારતીય જનતા પાર્ટીની ટીકા કરી હતી. કોંગ્રેસના નેતા જયરામ રમેશે આ મુજબ જણાવ્યું.

(બાઇટ કોંગ્રેસના નેતા જયરામ રમેશ)

## NATIONAL FILM AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં વર્ષ 2022 માટેનાં 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરશે. આ પ્રસંગે, સુપ્રસિદ્ધ અભિનેતા મિથુન ચક્રવર્તીને સિનેમા ક્ષેત્રે સર્વોચ્ચ એવા દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

રિષભ શેટ્ટીને કન્નડ ફિલ્મ કન્તારામાં ઉત્તમઅભિનય માટે શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર એનાયત કરવામાં આવશે. તામિલ ફિલ્મ થિરુચિત્રામ્બલમ માટે નિત્યા મેનન અને ગુજરાતી ફિલ્મ કચ્છ એક્સપ્રેસ માટે માનસી પારેખને શ્રેષ્ઠ અભિનેત્રીનાં પુરસ્કાર એનાયત કરવામાં આવશે. સંગીતમાં અરિજીત સિંહ શ્રેષ્ઠ પાર્શ્વગાયકનો અને બોમ્બે જયશ્રીને શ્રેષ્ઠ પાર્શ્વગાયિકાનો પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

## UN PACT

ભારતે વર્તમાન વૈશ્વિક સંઘર્ષને ધ્યાનમાં રાખીને ત્રાસવાદ સામે લડવા વૈશ્વિક પગલાંની હાકલ કરી છે. સંયુક્ત રાષ્ટ્ર ખાતે વૈશ્વિક નેતાઓનાં શિખર સંમેલનમાં એક સંધિમાં ભારતે ત્રાસવાદ સામે લડવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે આ સંધિમાં ત્રાસવાદને વખોડતો મજબૂત સંદેશો આપવા બદલ વિશ્વનાંદેશોની પ્રશંસા કરી છે.

શ્રી હરીશે તાત્કાલિક અને સંગઠિત પગલાં લેવાની માગણી કરતા જણાવ્યું કે, વૈશ્વિક શાંતિ અને સલામતી માટે ત્રાસવાદ ગંભીર પડકાર છે અને સાઇબર, દરિયાઇ અને અવકાશ ક્ષેત્ર સંઘર્ષનાં નવાં ક્ષેત્રો તરીકે ઉભરી આવ્યા છે. સંયુક્ત

રાષ્ટ્રનાં મજબૂતીકરણ અંગે સામાન્ય સભાને સંબોધતા શ્રી હરીશે વિકાસશીલ દેશો વતી ભારતની અગ્રણી ભૂમિકાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, આ સંધિ ભારતને 2047 સુધીમાં વિક્સિત રાષ્ટ્ર બનાવવાનાં ભારતનાં વિઝનને અનુરુપ છે.

## AZHARUDDIN-ED

તેલંગાણા પ્રદેશ કોંગ્રેસ સમિતિ (TPCC) ના કાર્યકારી પ્રમુખ મોહમ્મદ અઝહરુદ્દીન હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશન (HCA) સાથે જોડાયેલા કથિત મની લોન્ડરિંગ કેસમાં આજે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સમક્ષ હાજર થયા હતા.

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન પર HCA પ્રમુખ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ભંડોળનો દુરુપયોગ કરવાનો આરોપ છે. જોકે, તેણે આ આરોપોને ખોટા ગણાવ્યા હતા. HCAમાં 20 કરોડના કથિત ગોટાળાની તપાસ કરી રહેલી EDએ ગયા વર્ષે ડિસેમ્બરમાં ભૂતપૂર્વ ક્રિકેટર અરશદ અયુબ અને શિવલાલ યાદવની પૂછપરછ કરી હતી.

ઉલ્લેખનીય છે કે  ED એ અઝહરુદ્દીન, HCA ના ભૂતપૂર્વ પ્રમુખ અને પૂર્વ સાંસદને 3 ઓક્ટોબરે હાજર થવાનો નિર્દેશ આપ્યો હતો પરંતુ તેમણે વધુ સમય માંગતા,તેમની વિનંતીને પગલે, EDએ તેમને 8 ઓક્ટોબરે હાજર થવા માટે નવી નોટિસ આપી હતી. એજન્સી દ્વારા આપવામાં આવેલી નોટિસના જવાબમાં આજે તેઓ EDની પ્રાદેશિક કચેરી પહોંચ્યા હતા.

## MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી - આ .સાંભળી રહ્યા છોરાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો વધુ સમાચાર માટે આપ અમારા .એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.**

# SUDAN--RSF-STRIKE

સુદાનમાં વિસ્થાપિતોની શિબિર પર સરકાર વિરોધી રેપિડસ પોર્ટ ફોર્સના હૂમલામાં સાત વ્યક્તિનાં મૃત્યુ થયા છે અને 60ને ઇજા થઈ છે.

સુદાનના ઉત્તર દારફુરના આરોગ્ય મંત્રાલયના મહાનિદેશકે જણાવ્યું કે, વિસ્થાપિતોની શિબિર પરબે દિવસથી તોપથી હૂમલા કરવામાં આવી રહ્યા છે. સુદાનમાં 15 એપ્રિલ, 2023થી સશસ્ત્ર દળો અને વિરોધી રેપિડ આરએસએફ વચ્ચે સતત સંઘર્ષ ચાલી રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્રનાં જણાવ્યા અનુસાર આ હિંસમાં અત્યાર સુધી 20 હજાર લોકોનાં મૃત્યુ થયા છે અને લાખો લોકો વિસ્થાપિતો થયા છે.

# ICC WOMEN CRICKET

ICC મહિલા T-20 ક્રિકેટ વર્લ્ડ કપમાં આજે સાંજે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્હે મુકાબલો થશે. આ મેચ ભારતીય સમય અનુસાર સાંજે 7:30 વાગ્યે શારજાહ ક્રિકેટ સ્ટેડિયમમાં શરૂ થશે. સ્પર્ધામાં બંને ટીમોએ પોતાની શરૂઆતની મેચો જીતી લીધી છે.

દરમિયાન શારજાહમાં ગઈ કાલે ઈંગ્લેન્ડે દક્ષિણ આફ્રિકાને સાત વિકેટે હરાવ્યું હતું. દક્ષિણ આફ્રિકાની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં માત્ર 124 રન જ બનાવી શકી હતી. ઇંગ્લેન્ડે સાત વિકેટ અને ચાર બોલ બાકી રહેતા જીતનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

પુરુષ ક્રિકેટમાં આવતી કાલે નવી દિલ્હીમાં અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે ભારત અને બાંગલાદેશ વચ્ચે બીજી ટી-20 મેચ રમાશે. ત્રણ મેચની શ્રેણીમાં ભારત એક-શૂન્યથી આગળ છે. રવિવારે રમાયેલી પ્રથમ મેચમાં ભારતે સાત વિકેટે વિજય મેળવ્યો હતો.

# MP-ALAUDDIN KHAN FESTIVAL

મધ્યપ્રદેશના મૈહરમાં આજથી ઉસ્તાદ અલાઉદ્દીન ખાન સંગીત સમારોહ શરૂ થઈ રહ્યો છે. આ સંગીત સમારોહનું આ સુવર્ણ જયંતિ વર્ષ છે. ત્રણ દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમમાં દેશની જાણીતી હસ્તીઓ પોતાની કલાનું પ્રદર્શન કરશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે આ ઉત્સવનું આયોજન મધ્યપ્રદેશ સાંસ્કૃતિક વિભાગ, ઉસ્તાદ અલાઉદ્દીન ખાન મ્યુઝિક એન્ડ આર્ટ એકેડમી અને મૈહર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંયુક્ત રીતે 10 ઓક્ટોબર સુધી કરવામાં આવી રહ્યું છે. ઉસ્તાદ અલાઉદ્દીન ખાન દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સંગીત જગતમાં પ્રખ્યાત હતા. તેમણે મધ્યપ્રદેશમાં સંગીતની પરંપરાને આગળ વધારવા અને નવી પેઢીને સંગીત સાથે જોડવા માટે અથાક પ્રયાસો કર્યા.

આ પ્રસંગે બે પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે 'દેવી' નામનું પ્રથમ પ્રદર્શન દેવીના 108 નામો પર આધારિત લઘુ ચિત્ર ચિત્રોનો સંગ્રહ હશે, ત્યારે 'તંતુ' નામના તાર વાદ્યો પર ધ્યાન કેન્દ્રિત કરતું પ્રદર્શન યોજવામાં આવી રહ્યું છે..

## PM AIRFORCE DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હવાઇ દળ દિવસ પ્રસંગે ભારતીય હવાઈ દળને શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મિડીયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું છે કે, રાષ્ટ્રનું રક્ષણ કરવામાં માટે હવાઇ દળની કામગીરી અત્યંત પ્રશંસનીય છે. પ્રધાનમંત્રીએ 21મી સદીમાં ભારતીય હવાઇ દળની કઈ રીતે અત્યંત શક્તિશાળી દળ બન્યું અને તેની સફળતાને રજૂ કરતો વિડિયો પણ રજૂ કર્યો છે.

## PM NAVRATRI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવરાત્રિના છઠ્ઠા દિવલે દેવી કાત્યાયનીની સ્તુતિ કરી. એક સોશિયલ મિડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દેવી કાત્યાયની તેમના તમામ ભકતોના જીવનમાં શક્તિ અને હિંમતનો સંચાર કરે.